ગાંધીનગરના વડીલ દંપત્તિનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત

સવારે ૧૦ વાગે ગાંધીનગરથી નીકળી ડીસા જતા ૧૧ કલાકે બ્રાહ્મણવાડા નજીક કાર અને જીપ વચ્ચેના ગમખ્વાર અકસ્માતમાં ડીસાના તબીબના માતા-પિતાનું કરૂણ મોત

ડીસા, તા. ૨

ડીસા ડૉક્ટર હાઉસ ખાતે આંખની હોસ્પિટલના ડૉક્ટર વીનય બી. પઢીયારના માતા-પિતા ઉંઝા તરફથી તેમની મારૂતીકારમાં ડીસા આવી રહ્યા હતા ત્યારે બ્રાહ્મણવાડા પાસે તેમની મારૂતી કારને એક તુફાન જીપ ચાલકે ગફલતભર્યા ડ્રાઈવીંગે જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મારૂતી કારમાં સવાર વૃદ્ધ પતિ-પત્નીનું કરૂણ મોત થયું હતું. ઉંઝા પોલીસે આ મામલે જીપ ચાલક વિરૂદ્ધ ગુન્હો દાખલ કરી ધોરણસર તપાસ હાથ ધરેલ છે. જયારે બીજી તરફ ડીસાના ખ્યાતનામ તબીબના માતા-પિતાના મોતના સમાચાર મળતા સમગ્ર ડીસા પંથકમાં ઘેરા શોકની લાગણી છવાઈ હતી.

જેની વિગતો જોઈએ તો ડીસામાં ડૉક્ટર વીનય બી. પઢીયાર આંખોના સર્જન તરીકે કાર્યરત માતા-મધુબેન ભેમાભાઈ પઢીયાર લઈ ડીસા ડૉક્ટર પુત્ર પાસે આવી

છે.જેમના પિતા ભેમાભાઈ કરશનભાઈ પઢીયાર ઉંમર વર્ષ ૬૮ ઉંમર વર્ષ ૬૪ આજે સવારે ગાંધીનગરથી પોતાની મારૂતી કાર લઈ સિદ્ધપુર નજીક બ્રાહ્મણવાડા ગામ પાસે આવતા સામેથી યમદુત બની આવેલ એક તુફાન ગાડીના ચાલકે ગફલતભર્યા ડ્રાઈવીંગે તેમની મારૂતી કારને જોરદાર ટક્કર મારી હતી. જેના લીધે મારૂતી કારનો ખુડદો બોલી ગયો હતો અને મારૂતીકારમાં સવાર ભેમાભાઈ પઢિયાર અને તેમની પત્નિ મધુબેન પઢિયારને ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું. આ અકસ્માતના સમાચાર મળતા ઉંઝા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતકોની લાશનો કબજો સંભાળ્યો હતો. આ મામલે ઉંઝા પોલીસે તુફાન જીપ ચાલક સામે ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરેલ છે. જયારે બીજી તરફ અકસ્માતમાં મરણ ગયેલ માતા પિતાનો પાર્થીવદેહ ડીસા લવાતા સમગ્ર ડૉક્ટર હાઉસ વિસ્તારમાં હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયા હતા અને સમગ્ર વિસ્તારમાં શોક છવાયો હતો.

પાલનપુર નારી સંરક્ષણ ગૃહમાંથી બે સગીર યુવતીઓ ફરાર

ડીસા, તા. ૨

પાલનપુર શહેરનું નારી સંરક્ષણ કેન્દ્ર કેટલાય સમયથી છોકરીઓ ભાગવા બાબતે ચર્ચામાં રહ્યું છે. જ્યારે ગઈ રાત્રે થરાદના લુણાવ ગામની કેશરબેન સવજીભાઈ પટેલ ઉ.વ. ૧૭ તથા ધાનેરાની ખુશ્બુબેન નટુભાઈ સોની ન્હાવા જવાના બહાને નારી સંરક્ષણ કેન્દ્રના પાછલા ભાગમાં આવેલી બાથરૂમની બારીઓ તોડી ભાગી ગઈ હતી. જેથી આખા નારી સંરક્ષણ કેન્દ્રમાં તેમની શોધ કરવા મામલે અફડાતફડી મચી ગઈ હતી. જેની વધુ વિગતો જોઈએ તો નારી સંરક્ષણ કેન્દ્રમાં છેલ્લાં પાંચ વર્ષથી રહેતી ખુશ્બુબેન નટવરભાઈ સોની તેમજ તેના સાથે કેશરબેન સવજીભાઈ પટેલ જે છેલ્લા એક વર્ષથી આ કેન્દ્રમાં રહેતી હતી. જેઓ રાત્રીના આઠ વાગ્યાના સમયે બાથરૂમમાં ન્હાવા જવાનું કહી પાછળની બારી તોડી ભાગી જતાં આ કેન્દ્રના સુપ્રીટેન્ડન્ટ શહેર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેન્દ્રના હેડ શ્રીમતી શારદાબેને જણાવ્યું હતું કે આ બંને યુવતીઓના ભાગવા પાછળ પ્રેમ પ્રકરણ હોવાની અમને શંકા છે.

પ્રાથમિક જાહેરનામું

જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪ નો ૧લો)

ક્રમ	જીલ્લો	તાલુકો	ગામ	કેસ નંબર
૧	પાટણ	સમી	બીલીયા	૬૧/૨૦૧૨
૨	પાટણ	સમી	ઓરૂમાણા	૬૨/૨૦૧૨
૩	પાટણ	સમી	વાગોસણ	૬૩/૨૦૧૨
૪	પાટણ	સમી	શંખેશ્વર	૬૪/૨૦૧૨
૫	પાટણ	સમી	ટુવડ	૬૮/૨૦૧૨

ક્રમ	ક્રમાંક	કેસ નંબર	મંજૂર કર્યા તારીખ
૧	ખજસ/કલમ-૪/એ-૧	૬૧/૧૨	૨૧/૫/૨૦૧૨
૨	ખજસ/કલમ-૪/એ-૧	૬૨/૧૨	૨૧/૫/૨૦૧૨
૩	ખજસ/કલમ-૪/એ-૧	૬૩/૧૨	૨૧/૫/૨૦૧૨
૪	ખજસ/કલમ-૪/એ-૧	૬૪/૧૨	૨૧/૫/૨૦૧૨
૫	ખજસ/કલમ-૪/એ-૧	૬૮/૧૨	૨૧/૫/૨૦૧૨

નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (નર્મદા યોજના) પાટણ-૧ને જમીન સંપાદન ધારાની કલમ-૫૨ (એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે એમ લાગે છે કે આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ હસ્તકની, નર્મદા યોજનાની (૧) બોલેરો બ્રાન્ચ કેનાલ, મુજપુર ડીસ્ટ્રીબ્યુટરી, મીઠી વાગોસણા માઈનોરના (૨) બોલેરો બ્રાન્ચ કેનાલ, મુજપુર ડીસ્ટ્રીબ્યુટર, ઓરૂમાણા માઈનોરના (૩) બોલેરો બ્રાન્ચ કેનાલ, મુજપુર ડીસ્ટ્રીબ્યુટરી, ઓરૂમાણા માઈનોરના (૪) બોલેરો બ્રાન્ચ કેનાલ, પડીયાડા ડીસ્ટ્રીબ્યુટરી, બોલેરો માઈનોર-૧ના (૫) બોલેરો બ્રાન્ચ કેનાલ, સુરપુરા ડીસ્ટ્રીબ્યુટરી, સુરજ માઈનોર-૬ ટીઈ તથા ટુવડ બ્રાન્ચ માઈનોરના બાંધકામના કારણોસર જાહેર હેતુ માટે જરૂરી પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન અધિનિય ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૪ની જોગવાઈઓ હેઠળ આથી જાહેર કરવામાં આવે છે કે સદરહું જમીનોની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

૨. સદરહું જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે સદરહું સંપાદનના હેતુ સારૂ સદરહું જમીનોમાં કોઈ સર્વયેર કે અન્ય વ્યકિતઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, (નર્મદા યોજના), એકમ-૧, પાટણની મંજુરી વિના વેચાણ પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા અન્યતા સદરહું જમીનોના નિકાલ માટેનો અથવા તેમાં ખર્ચ કરવા માટેનો અથવા સુધારા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહું જમીનોના ભાગો માટે વળતર આકારતાં અધિકારી સદરહું અધિનિયમની કલમ-૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

૩. ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહું જમીનોની ઉપર્યુકત હેતુઓ માટે જરૂરી છે. તો સદરહું અધિનિયમની કલમ-૬ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધિ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પુર્ણતઃ જતું કર્યું હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૪. તા. ૨૬-૮-૨૦૧૦નાં મહેસુલ વિભાગનાં સરકારી જાહેરનામાં ક્રમાંક-ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧. સાથે વાંચતા જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) હેઠળ સરકારશ્રીએ સદરહું જમીનોના સંબંધમાં સદરહું અધિનિયમની કલમ-૫ (૬) હેઠળ કલેકટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (નર્મદા યોજના) એકમ-૧, દેવદર્શન કોમ્પ્લેક્ષ બીજો માળ, પાલિકા બજાર સામે કોલેજ રોડ, પાટણને નીમેલ છે.

અનુસુચિ-૧

જિલ્લો : પાટણ, તાલુકો : સમી, ગામ : બીલીયા, કેસ નંબર-૬૧/૧૦૧૨
જાહેર હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તક નર્મદા યોજનાની બોલેરો બ્રાન્ચ કેનાલ, મુજપુર ડીસ્ટ્રીબ્યુટરી, મીઠી વાગોસણા માઈનોરના બાંધકામ માટે

સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી.	સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી.
૩૭	૦.૦૭૩૭	૧૬૬	૦.૧૨૦૮
૩૬	૦.૧૦૮૧	૧૬૫	૦.૦૩૧૪
૩૪	૦.૧૫૪૧	૧૫૦/૧પી	૦.૦૫૨૬
૩૦	૦.૦૦૭૭	૧૫૩	૦.૦૮૭૫
૩૩	૦.૧૮૦૯	૧૫૨	૦.૦૬૮૫
૩૧	૦.૧૬૭૮	૧૨૪	૦.૧૧૮૯
૨૩	૦.૦૩૪૮	૧૨૫પી	૦.૦૭૮૭
૨૨	૦.૧૪૭૨	૧૪૪પી	૦.૦૭૦૧
૨૦પી	૦.૦૪૩૮	૧૪૪પી	૦.૧૩૭૦
૨૦પી	૦.૦૭૦૭	૧૪૨	૦.૦૫૩૯
૧૮	૦.૦૮૩૩	૧૪૩	૦.૦૬૮૮
૭૧	૦.૦૧૨૨	૧૩૭પી	૦.૦૦૬૦
૭૨/૧	૦.૦૦૦૬	૧૩૭પી	૦.૦૮૭૫
૭૨/૩	૦.૨૧૬૦	૧૩૮	૦.૧૧૦૬
૭૭પી	૦.૦૧૧૭	૧૩૬	૦.૧૭૩૭
૭૭પી	૦.૧૬૪૭	૧૭૨/૬ પી	૦.૧૦૦૬
૧૬૭	૦.૧૨૯૧	ટોટલ-૩૩	૨.૯૭૬૦

અનુસુચિ-૨

જિલ્લો : પાટણ, તાલુકો : સમી, ગામ : ઓરૂમાણા, કેસ નંબર-૬૨/૧૦૧૨
જાહેર હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તક નર્મદા યોજનાની બોલેરો બ્રાન્ચ કેનાલ, મુજપુર ડીસ્ટ્રીબ્યુટર, ઓરૂમાણા માઈનોરના બાંધકામ માટે

સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી.	સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી.
૩૦૭	૦.૧૧૧૮	૨૬૮	૦.૦૦૯૫
૩૦૬	૦.૦૦૯૯	૨૩૯	૦.૨૭૯૮
૩૦૮	૦.૧૩૪૯	૨૩૮પી	૦.૧૬૦૭
૩૨૫	૦.૨૨૩૪	૨૩૮પી	૦.૦૬૮૩
૩૨૬પી	૦.૦૯૬૨	૩૮૦	૦.૨૪૯૬
૩૨૬પી	૦.૧૩૨૬	૩૯૬	૦.૦૦૧૧
૩૨૨	૦.૦૦૪૯	ટોટલ-૧૩	૧.૪૮૧૭

અનુસુચિ-૩

જિલ્લો : પાટણ, તાલુકો : સમી, ગામ : વોગાસણ, કેસ નંબર-૬૩/૧૦૧૨
જાહેર હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તક નર્મદા યોજનાની બોલેરો બ્રાન્ચ કેનાલ, મુજપુર ડીસ્ટ્રીબ્યુટરી, ઓરૂમાણા માઈનોરના બાંધકામ માટે

સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી.	સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી.
૨૨૦	૦.૦૦૦૫	૨૩૨	૦.૦૫૯૦
૨૨૪પી	૦.૧૪૮૨	૨૩૩	૦.૦૪૪૮
૨૨૫/૧	૦.૧૨૨૮	૨૩૪	૦.૨૧૧૫
૨૩૧/પી	૦.૧૦૫૮	૨૩૮	૦.૧૩૮૨
૨૩૧/પી	૦.૧૦૪૪	ટોટલ-૯	૦.૯૭૫૨

અનુસુચિ-૪

જિલ્લો : પાટણ, તાલુકો : સમી, ગામ : શંખેશ્વર, કેસ નંબર-૬૪/૧૦૧૨
જાહેર હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તક નર્મદા યોજનાની બોલેરો બ્રાન્ચ કેનાલ, પડીયાડા ડીસ્ટ્રીબ્યુટરી, બોલેરા માઈનોર-૧ બાંધકામ માટે

સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી.	સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી.
૪૯૦પી	૦.૨૨૧૮	૩૭૬/૨	૦.૩૭૪૬
૪૭૪	૦.૧૪૬૮	૪૦૫	૦.૧૫૭૧
૪૬૭	૦.૨૪૦૫	૪૦૪	૦.૧૧૫૯
૩૯૨	૦.૦૫૩૪	૪૦૩પી	૦.૦૬૦૨
૩૮૯	૦.૧૭૦૨	૪૦૩પી	૦.૧૬૫૨
૩૮૧પી	૦.૦૯૦૫	૪૦૭પી	૦.૦૪૨૭
૩૮૧પી	૦.૦૫૪૪	૪૦૭પી	૦.૧૬૫૧
૩૮૦	૦.૧૬૨૮	૪૨૬	૦.૦૧૩૭
૩૭૮	૦.૨૨૩૭	૪૨૫	૦.૧૮૧૮
૩૭૯પી	૦.૧૧૮૪	૪૨૭	૦.૦૧૨૬
૩૭૭પી	૦.૨૦૪૮	૪૨૪/૧	૦.૦૮૮૬
૩૭૬/૧	૦.૦૩૭૯	૪૨૨	૦.૦૫૨૭
		ટોટલ-૨૪	૩.૧૫૫૪

અનુસુચિ-૫

જિલ્લો : પાટણ, તાલુકો : સમી, ગામ : ટુવડ, કેસ નંબર-૬૮/૧૦૧૨
જાહેર હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તક નર્મદા યોજનાની બોલેરો બ્રાન્ચ કેનાલ, સુરપુરા ડીસ્ટ્રીબ્યુટરી, સુરજ માઈનોરના-૬ ટીઈ તથા ટુવડ બ્રાન્ચ માઈનોર બાંધકામ માટે

સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી.	સર્વે નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી.
૭૮૬	૦.૧૬૨૯	૭૭૧ પી	૦.૧૩૭૦
૭૮૯	૦.૧૭૮૧	૭૬૮પી	૦.૧૨૦૩
૭૮૮	૦.૧૩૫૦	૭૬૮પી	૦.૧૦૪૪
૭૭૮પી	૦.૧૩૪૩	૭૬૬	૦.૨૭૨૧
૭૭૯	૦.૨૪૫૫	૭૫૫	૦.૧૬૫૦
૭૭૭પી	૦.૦૯૯૨	૭૫૮પી	૦.૦૩૯૪
૭૭૪પી	૦.૧૭૨૯	૭૫૪પી	૦.૦૧૪૯૭
૭૭૪પી	૦.૦૨૫૧	૭૫૪પી	૦.૦૧૩૧
૭૬૯	૦.૧૨૮૧	૭૨૧	૦.૦૦૩૭
૭૭૦	૦.૦૨૭૩	૭૨૩પી	૦.૦૦૮૮
૭૭૧ પી	૦.૦૯૨૦	ટોટલ-૨૧	૨.૪૧૩૯
૭૮૬	૦.૦૮૪૪	૭૯૨ પી	૦.૧૮૪૮
૭૯૦	૦.૦૪૬૭	૭૯૨ પી	૦.૧૫૭૬
૭૯૧	૦.૨૦૮૫	ટોટલ-૫	૦.૬૮૧૯
		ટોટલ-	૩.૦૯૫૮
		૨૧+૫=૨૬	

સહી/-
(પી.આર. જોષી)
નાયબ કલેકટર અને
ખાસ જમીન સંપાદન અધિકારી
(નર્મદા યોજના) એકમ-૧, પાટણ

નામાનિ/પાટણ/૧૩૧/૨૦૧૨-૧૩

આજે હિંમતનગર ખાતે કારકિર્દી માર્ગદર્શન શિબિર યોજાશે

હિંમતનગર, તા.૨

સાબરકાંઠા રોહિત એજયુકેશન એન્ડ અવરનેસ મિશન હિંમતનગરના ઉપક્રમે હિંમતનગરના નલિનકાન્ત ગાંધી ટાઉનહોલ ખાતે આજે ૩ જૂન ૨૦૧૨ના રોજ સવારે ૧૧.૩૦કલાકે ધનસુરા તાલુકાના રમોસ ગામના વતની અને કેન્દ્રીય જાહેર સેવા આયોગની સનદી સેવા પરિક્ષામાં ઉત્તીર્ણ થનાર વિપુલભાઈ મેસરીયાનો સન્માન સમારોહ રાજયના ગૃહ રાજયમંત્રી પ્રફુલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ ઉપરાંત સમાજના વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરમાં ઉપયોગી થઈ શકે તે માટે માર્ગદર્શન સેમિનાર યોજાનાર છે. જેમાં કટાર લેખક ભાનુકુમાર મહેતા અને રોજગાર અને તાલિમના નાયબ નિયામક ડૉ. ગોસાઈ યુવાનોને માહિતીગાર કરશે. આ કાર્યક્રમમાં પંચાયત વિભાગના અગ્ર સચિવ આર.એમ. પટેલ, નગરપાલિકાના કારોબારી સમિતિના અધ્યક્ષ જે.ડી. પટેલ, જિલ્લા કલેકટર જયપ્રકાશ શિવહરે, જિલ્લા વિકાસ અધિકારી રવિકુમાર અરોરા, જિલ્લા પોલીસ અધિક્ષક ચિરાગ કોરડીયા ઉપસ્થિત રહેશે.

ટચૂકડી જાહેર ખબર

ફ્લેટ વેચવાનો છે

અમદાવાદ નારણપુરા પ્રતિગતિનગર હોલ પાસે, બે રૂમ રસોડું, ખુલ્લી જગ્યા ગ્રાઉન્ડ ફ્લોર રોકાણ ૪૦થી વધુ

સંપર્ક : ૯૯૨૪૩૫૫૩૫૯

જોઈએ છે

રસોઈયાબેન

માણસા (ગાંધીનગર) પાસેના ગામડામાં વડીલોની સાર-સંભાળ તેમજ રસોઇ કામ માટે ગ્રામ્ય જીવન પસંદ રસોઇયાબેન

સંપર્ક : ૯૯૨૪૩૫૫૩૫૯

ગુલાબપુરા હાઈસ્કૂલનું ગૌરવ

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર થતા ઈડરના ગુલાબપુરા સ્થિત કે.એમ. પટેલ હાઈસ્કૂલની વિદ્યાર્થિની ફોરમ પટેલે ૮૯.૪૨ ટકા ગુણ પ્રાપ્ત કરી કેન્દ્રમાં પ્રથમ સ્થાને રહી શાળાનું ગૌરવ વધાર્યું હતુ. વિદ્યાર્થિનીની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ, જયચંદદાસ પટેલ અને શાસ્ત્રી જનકભાઈ સહિત પરિવારજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

ડીસામાં પરિણીતાએ ગળે ફાંસો ખાઈ આપઘાત

ડીસા, તા. ૨

ડીશા શહેરના બેકરી કુવા વહોળા વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ડીસા શહેર, પોલીસ મથકના સુત્રોના જણાવ્યા મુજબ શહેરના બેકરી કુવા વહોળા વિસ્તારમાં રહેતા મહેશકુમાર ઉર્ફે કાન્તીલાલ ગોરધનજી માળીની પત્નિ પૂજાબેન ઉં.વ. ૨૧ એ ગત રોજ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ પોતાની જીવન લીલા સંકેલી દીધી હતી. આ અંગે દરીયાણીબેન ગોરધનજી માળીએ શહેર પોલીસને જાણ કરતાં પોલીસે ઘટનાસ્થળે આવી મૃતકની લાશને પી.એમ. અર્થે ખસેડી હતી. તેમજ આ અંગે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

દાણચહુડી ગામ પાસે માર્ગ અકસ્માત બે ના મોત

મુસાફરોથી ખીચોખીચ ભરેલી બે જીપો સામ-સામે અથડાતા સર્જાયો હતો અકસ્માત

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના દાણમહુડી ગામ પાસે શુકવારે સાંજના સુમારે મુસાફરોથી ખીચોખીચ ભરેલી બે જીપ વચ્ચે અકસ્માત સર્જાતા બે વ્યક્તિઓના ઘટના સ્થળે કરૂણ મોત નિપજયા હતા. જેમાં ૨૮ મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચતા ખેડબ્રહ્મા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં બારને ગંભીર ઈજાઓ જણાતા વધુ સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા. ખેરોજ પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પી.એસ.ઓ. કાન્તીભાઈ પાસેથી મળેલી વિગતો અનુસાર શુકવારે સાંજે સાત વાગ્યાના સુમારે દાણમહુડી ગામ પાસે જીપ નંબર જીજે-૯-એમ-૪૬૧ના ચાલકે પોતાના કબજાની જીપ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા સામેથી આવતી જીપ નંબર જીજે-૭-કે-૪૩૩૫ સાથે ધડાકાભેર ટકરાઈ હતી. જેથી બંને જીપોમાં ઘેટા બકરાંની જેમ ભરેલાં મુસાફરોની ચીસાચીસથી વાતાવરણમાં દેકારો મચી જવા પામ્યો હતો. આ અકસ્માતમાં દાંતા તાલુકાના કેશરખુરા ગામના અશોકભાઈ લાઘાભાઈ ગમાર ઉં.વ. ૨૦ તથા ખેડબ્રહ્મા તાલુકા પાટડીયાના જોનાભાઈ હોમીડાભાઈ ગમાર ઉં.વ. પરનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. ઉપરાંત ૨૮ મુસાફરોને ઈજાઓ પહોંચતા ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેમા બાર મુસાફરોની ઈજા ગંભીર જણાતા વધુ સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પાટડીયાના અશોકભાઈ જેઠાભાઈ પરમારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા જીપ ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.

સેક્ટર-૧૩, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૪૧૭૧૨

ટેન્ડર જાહેરાત

જુનું બાંધકામ તોડવા અંગે

નિગમની હોસ્ટેલ બિલ્ડીંગના ભોંયતળિયે આવેલ રૂમોની દિવાલો તથા તેની બાજુમાં આવેલ ટોઈલેટ તોડી પાડીને તેના કાટમાળનો નિકાલ કરવાના કામના ભાવો આ કામના જાણકાર અને અનુભવી વ્યક્તિઓ પાસે આ કામનું નિરીક્ષણ કરીને નિયત ટેન્ડરમાં જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ બંધ કવરમાં તા. ૧૨-૬-૨૦૧૨ સુધીમાં મળે તે રીતે અત્રેની કચેરીને પહોંચતા કરવા આથી જણાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડર જેની ફી રૂ. ૧૦૦/- કચેરી સમય દરમિયાન તા. ૧૧-૬-૨૦૧૨ સુધીમાં ભરીને મેળવી શકાશે.

- મેનેજીંગ ડીરેક્ટર

ગુજરાત મેરીટાઈમ બોર્ડ

જાહેર નિવિદા નં. ૦૧ /૨૦૧૨-૧૩

નાયબ કાર્યપાલક ઈજનેર (બાં), મરામત જાળવણી અને પેટા વિભાગ, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સામે, સેક્ટર-૧૦એ, ગાંધીનગર (ફોન નં. ૨૩૨૩૮૩૪૬, ૪૭, ૪૮) તરફથી ગુજરાત મેરીટાઈમ બોર્ડ વડી કચેરીના વહીવટી સંકુલમાં અધિકારીઓ/ કર્મચારીઓ માટે વર્ષ ૨૦૧૨ના કેન્ટીન ચલાવવાના સીલબંધ ભાવપત્રક માંગવામાં આવે છે.

અ. કામનું નામ	(૧) ટેન્ડર ફી (૨) અનુભવ) (૩) ઈ એમ ડી
૧. ગાંધીનગર સ્થિત ગુજરાત મેરીટાઈમ બોર્ડની વડી કચેરી ખાતે કેન્ટીન ચલાવવા માટેના ભાવપત્રકો મંગાવવા અંગે (બીજો પ્રયત્ન)	(૧) રૂ. ૬૦૦.૦૦ (૨) ૧ વર્ષ ઓછામાં ઓછો (૩) રૂ. ૫૦૦૦.૦૦

- કોરા ટેન્જર પેપર આપવાની છેલ્લી તારીખ : ૬-૬-૨૦૧૨
- ભરેલ ટેન્ડર પરત રજી. પોસ્ટ / સ્પીડ પોસ્ટથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ : ૧૩-૬-૨૦૧૨ ઓફીસ સમય સુધી. વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. તથા જી એમ બીની વેબસાઈટ www.gmbports.org જોવા વિનંતી.
- ભાવપત્રક શક્ય હશે તો બીજા દિવસે ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.
- ભાવપત્રક મંજુર / નામંજુર કરવા બોર્ડ અબાધિત હક્ક ધરાવે છે.

માહિતી/૪૧૯/૧૨-૧૩

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર

જાહેર નિવિદા

આથી સ્ટીલ તિજોરી બનાવતી / પૂરી પાડતા પેઢી - સંસ્થા પાસેથી કચેરી માટે નીચે જણાવ્યા મુજબ જરૂરી માપ-સાઈઝમાં રેન્કવાળી / રેન્ક વગરની તિજોરીઓ બનાવવા માટે સીલબંધ કવરમાં ..... તારીખ સુધીમાં મળે તે મુજબ ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

૧. ગેજ - ૨૦-૨૨માં
૩' (ફૂટ) X ૬' (ફૂટ) X ૧૫'' (ઈંચ)ની સાઈઝ
૨. ૧ તિજોરીમાં અંદાજિત ૧ ૧/૧ (ફૂટ)ની જગ્યામાં ૪ ખાના બની શકે તથા ૧ ખાનામાં ૧૬ લેજર ઊભા સમાઈ શકે તેવી રેન્ક સાથેની ૮ (આઠ) તિજોરી
૩. રેન્ક વગરની ૩ X ૬ ફૂટ X ૧ ૧/૨ ફૂટ માપ-સાઈઝમાં ૫ ખાનાવાળી ૭ તિજોરી.

નોંધ :

- તિજોરી તૈયાર કરી, કચેરી બેઠા પૂરી પાડવાની રહેશે.
- ઉપરોક્ત કચેરીની એસ્ટેટ શાખામાં રૂબરૂ જોઈ, તપાસી લેવી.
- આવેલ તમામ ભાવ-પત્રકો સંસ્થા / પેઢીના પ્રતિનિધિ રૂબરૂ તારીખ ૧૧-૬-૧૨ના રોજ ૧૨-૩૦ કલાકે એસ્ટેટ મેનેજરશ્રી, ગુ.ગ્રા.ગૃ. નિ. બોર્ડ, ગાંધીનગર સમક્ષ ખોલવામાં આવશે.
- આવેલ તમામ ભાવ-પત્રકો મંજૂર રાખવા / નામંજૂર કરવાના અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રીના રહેશે.

સ્થળ : ગાંધીનગર — સહી/-
તારીખ : ૩૦/૫/૨૦૧૨ — (એચ. જે. વ્યાસ)
નાયબ કલેકટર અને એસ્ટેટ મેનેજર
ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ
ગાંધીનગર

માહિતી/૪૪૮/૧૨-૧૩

મૂંગી નિવિદા

મતદાર સુવિધા કેન્દ્રો માટે જિલ્લા કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે બે-બે તેમજ મામલતદાર કચેરી દહેગામ, માણસા, કલોલ ખાતે એક-એક કોમ્પ્યુટર ઓપરેટર તથા નિવૃત્ત કર્મચારીઓની હંગામી સમય માટે જગ્યાઓ ભરવા માટે આઉટ સોર્સીંગથી પુરી પાડતી એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં વિગતો મંગાવવામાં આવે છે.

અ.નં.	જગ્યાનું નામ	કુલ જરૂરિયાત	માનદ વેતન (ફીક્સ)
૧.	કોમ્પ્યુટર ઓપરેટર	૦૫	રૂ. ૭